# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે ફેબ્રુ/માર્ચ–૨૦૨૫માં યોજાયેલ ઉ.મા.પ્ર.પરીક્ષા, ધો–૧૨ સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુ પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમાના તેમજ GSOS ઉમેદવારોના પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર **તા.૦૫/૦૫/૨૦૨૫, સોમવારના** રોજ ઓનલાઇન જાહેર કરવામાં આવેલ. ફેબ્રુ/માર્ચ–૨૦૨૫ ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ/પ્રમાણપત્ર/S.R. તેમજ GSOS ઉમેદવારોના પરિણામ (માર્કશીટ/પ્રમાણપત્ર/S.R./એનરોલસર્ટિ) તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા નિયત કરેલ વિતરણ સ્થળ ખાતે તા.૧૬/૦૫/૨૦૨૫ના રોજ બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ/પ્રમાણપત્ર/S.R. તેમજ GSOS ઉમેદવારોના પરિણામ(માર્કશીટ/પ્રમાણપત્ર/S.R./એનરોલસર્ટિ) વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી તા.૧૭/૦૫/૨૦૨૫ના રોજ જિલ્લાની સામાન્ય પ્રવાહની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવી. રાજ્યની સામાન્ય પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાનું પરિણામ (માર્કશીટ/પ્રમાણપત્ર/S.R./એનરોલસર્ટિ) મુખત્યારપત્ર રજુ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાના રહેશે. શાળાઓએ તા.૧૯/૦૫/૨૦૨૫ના રોજ વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવાનું રહેશે જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

તા :–૧૫/૦૫/૨૦૨૫
સ્થળ :– ગાંધીનગર.

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ રવાના :
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ,
આપના જિલ્લાની સામાન્ય પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂં.